eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 116
August 24, 2007

## સુરત મહાનગર સેવાસદન દ્વારા સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે યોજાયેલ કાર્યક્રમ



ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા.૧૫.૮.૨૦૦૭ ના રોજ દેશભકિતગીત સ્પર્ધા કતારગામ કોમ્યુનિટી હોલ, સુરત ખાતે સવારે ૧૧.૩૦ કલાકે યોજવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## યુ.સી.ડી. વિભાગ દ્વારા તા.૧૫મી ઓગસ્ટ ૨૦૦૭ ની થયેલ ઉજવણી

તા.૧૫મી ઓગસ્ટ ૨૦૦૭ ના રોજ સુરત મહાનગર સેવાસદનના યુ.સી.ડી. વિભાગ સંચાલિત અને સમાજ સુરક્ષા વિભાગ દ્વારા અનુદાનિત બાળ માર્ગદર્શન કેન્દ્ર, હનુમાન ટેકરી, રાંદેર, સુરત દ્વારા ભારતના ૬૦ માં સ્વતંત્રદિનની ઉજવણી આનંદ–ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ)ની કામગીરી

શહેર સુરતનાં ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં.૬૬ વાળી સહરાદરવાજા બહાર સ્મીમેર હોસ્પિટલ સામે આવેલ જમીનમાં તિરૂપતી પ્લાઝા તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં બિલ્ડીંગની પશ્ચિમ દિશા તરફ ઓપન પાર્કિંગ વાળા ભાગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ આશરે ૧૫૦૦ ચો.ફુટ લોખંડનું ફેબ્રીકેટર્સ સ્ટ્રકચર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન યુ.સી.ડી. વિભાગ દ્વારા ૧૫મી ઓગષ્ટ નિમિત્તે ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ

સુરત મહાનગર સેવાસદન યુ.સી.ડી. પ્રેરીત શિવાંજલી, શિવાંગી, અને શિવાની મહિલા બસ્તી વિકાસ મંડળ, અડાજણ તથા 'કેપ ફાઉન્ડેશન'(ઉમ્મીદ પ્રોજેકટ)ના સંયુકત ઉપક્રમે યુ.સી.ડી.સમુદાય કેન્દ્ર, અડાજણ ખાતે ૧૫મી ઓગષ્ટ નિમિત્તે ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ જેમાં દેશભકિત ગીત, રોજગારોક્ષી અને અંધશ્રધ્ધા વિષય સંદર્ભે નાટિકા, મીમીક્રી, નૃત્ય વગેરે કૃતિઓ રજુ કરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૪/૦૮/૦૭ મંગળવારના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ ખાતે મા.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ લાભાર્થી બહેનોને સહાયના "ચેક વિતરણ"નો કાર્યક્રમ

સ્વાતંત્ર્ય દિન ઉજવણીની પૂર્વ સંધ્યાએ સુરત મહાનગર સેવા સદન દ્વારા અમલી સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પૈકી સંકટ મોચન (રાષ્ટ્રીય કુટુંબ સહાય) યોજના અને જયંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત તા.૧૪/૦૮/૦૭ મંગળવારના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ ખાતે ...



વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનમાં કેન્દ્ર સરકારની "જવાહરલાલ નહેરૂ રિન્યુઅલ મિશન (JNNURM) યોજના " હેઠળ એરીયા બેઈઝ આકારણી અંગે પ્રેઝન્ટેશન

સુરત મહાનગર સેવાસદન આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલ ઝોનમાં કેન્દ્ર સરકારની "જવાહરલાલ નહેરૂ રિન્યુઅલ મિશન (JNNURM) યોજના " હેઠળ એરીયા બેઈઝ આકારણી કરી સને ૨૦૦૮–૦૯ થી તે મુજબ વેરા વસુલાતની કામગીરી કરવામાં આવનાર છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોન દ્વારા તાડવાડી વિસ્તારમાં જોધલપીર મંદિરમાં મેડીકલ કેમ્પનું આયોજન

ગુજરાત સરકારના શહેર વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગર દ્વારા શહેરી વિસ્તારોમાં ચોમાસાની ૠતુ દરમ્યાન જાહેર આરોગ્ય સુખાકારી જળવાય રહે અને રોગચાળો ન ફેલાય તે ધ્યાને લઈ જુદા જુદા વિસ્તારોમાં મેડીકલ કેમ્પ કરવાની સૂચના આપવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન દ્વારા સોના–ચાંદીની ભઠ્ઠી/રીફાઈનરી સીલ

તા.૧૭/૦૮/૦૭ના રોજ સેન્ટ્રલ ઝોનના વાડી ફળીયા, આમલીરાન, અંબાજીરોડ તથા સોની ફળીયા વિસ્તારમાં આવેલ સોના–ચાંદીના ભઠ્ઠી/રીફાઈનરીમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં અધિકારી સાથેની સંયુકત વીઝીટ દરમ્યાન સદર સંસ્થાઓમાં તીવ્ર વાસ અને આરોગ્યને હાનીકર્તા જણાતા ૧૯ ભઠ્ઠી/રીફાઈનરીઓને સીલ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનના, વૈરાગીની વાડી, દિલ્હીગેટ વિસ્તારમાં ફ્રી મેડીકલ કેમ્પ



"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૧૮/૦૮/૦૭ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન સેન્ટ્રલ ઝોનના, વૈરાગીની વાડી, દિલ્હીગેટ વિસ્તારમાં ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોનમાં થયેલ કામગીરી

સુરત મહાનગર સેવા સદન પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૧ ફાયનલ થયેલ છે. તથા રાંદેર–અડાજણનો ખુબ જ સુવિકસિત વિસ્તાર છે. આ છિસ્તારમાં રાંદેર મેઈન રોડ ૧૫૦ ના રસ્તા ઉપર પશ્ચિમ ઝોન કચેરીના નજીકમાં આવેલ સુજાતા સોસા.ના સી.ઓ.પી.વાળી જગ્યામાં કે જેનો ફાયનલ પ્લોટ નં. ૧૧૨ પૈકી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે આયોજીત કાર્યક્રમ

કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે સુરત મહાનગર સેવા સદન તરફથી તા.૨૪/૦૮/૦૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ કલાકે ગાંધીબાગમાં આવેલ નર્મદની પ્રતિમાને સૂતરાંજલિનો કાર્યક્રમ તેમજ સવારે ૯:૦૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગર સેવાસદન દ્વારા સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે યોજાયેલ કાર્યક્રમ



ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા.૧૫.૮.૨૦૦૭ ના રોજ દેશભકિતગીત સ્પર્ધા કતારગામ કોમ્યુનિટી હોલ, સુરત ખાતે સવારે ૧૧.૩૦ કલાકે યોજવામાં આવી હતી. દેશભકિતગીત સ્પર્ધાનો પ્રારંભ મા.મેયર ડો.કનુભાઈ માવાણી, ડે.મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, ડે.કમિશ્નરશ્રી(સ્પે.) પી.જે.ઝાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, ઉપાધ્યક્ષશ્રી દીપકભાઈ આફ્રિકાવાલાના હસ્તે દીપ પ્રાગટયથી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં માધ્યમિક વિભાગ તથા ખુલ્લો વિભાગ મળી ૩૪ જેટલી શાળાઓ–સંસ્થાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા | માધ્યમિક વિભાગ | ખુલ્લો વિભાગ |
|---|---|---|
| પ્રથમ | ન.મો.ઝવેરી યુનિયન હાઈસ્કૂલ | –– |
| દ્વિતીય | (૧) અંબાબા હરિપુરા ગર્લ્સ હાઈસ્કૂલ<br>(૨) શ્રીમતી ક.લ.શ.ખાંડવાલા સાર્વ.હાઈસ્કૂલ | શારદાયતન શાળા (અંગ્રેજી માધ્યમ) |
| તૃતીય | લોકભારતી વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૭૨ |
| આશ્વાસન | (૧) શારદાયતન શાળા(ગુરજાતી માધ્યમ)<br>(૨) શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન (અંગ્રેજી માધ્યમ) | સાંઈ સંગીત સદન |

સ્પર્ધામાં ભાગ લેતા તમામ સ્પર્ધકોને લ્હાણી તથા પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, ઉપાધ્યક્ષશ્રી દીપકભાઈ આફ્રિકાવાલા તથા અન્ય મહાનુભાવોના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. દેશભકિતગીત સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી પૂર્ણિમાબેન ઘડિયાળી, શ્રીમતી નંદનીબેન શાહ તથા ડો.ધર્મિષ્ઠાબેન ત્રિવેદીએ સેવા આપી હતી. સ્પર્ધામાં મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ હાજર રહયા હતા.



TOP

# યુ.સી.ડી. વિભાગ દ્વારા તા.૧૫મી ઓગસ્ટ ૨૦૦૭ ની થયેલ ઉજવણી

તા.૧૫મી ઓગસ્ટ ૨૦૦૭ ના રોજ સુરત મહાનગર સેવાસદનના યુ.સી.ડી. વિભાગ સંચાલિત અને સમાજ સુરક્ષા વિભાગ દ્વારા અનુદાનિત બાળ માર્ગદર્શન કેન્દ્ર, હનુમાન ટેકરી, રાંદેર, સુરત દ્વારા ભારતના ૬૦ માં સ્વતંત્રદિનની ઉજવણી આનંદ–ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી.

સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે રાંદેર વિસ્તારના મ્યુ.સદસ્યશ્રી શ્રીમતી છાયાબેન પરમારના વરદ હસ્તે સવારે ૮ : ૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુ. સદસ્ય શ્રીમતી છાયાબેન પરમારે જણાવ્યું હતું કે '' બાળકો આપણા દેશનું ભવિષ્ય છે, આ બાળકો આપણા દેશની આઝોદીનો ઈતિહાસ જાણે અને મળેલ આઝાદીનું મુલ્ય સમજે, આપણા દેશની આઝાદી માટે બલિદાન આપનાર શહિદોના બલિદાનના મુલ્યથી અવગત થાય. બાળકોમાં દેશદાઝ જાગે અને દેશ માટે કશું કરી છુટવાની ભાવના અત્યારથી જ જાગવી જોઈએ. ધ્વજવંદન બાદ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના ચીફ પ્રોબેશન ઓફિસરશ્રી રાઓલ સાહેબે બાળકોની બાળ માર્ગદર્શન કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ 'સંગીત ખુરશી' , 'લીંબુ ચમચી' , 'કદથળા દોડ' , અને 'પ્રતિભાશોધ કસોટી' , જેવી વિવિધ સ્પર્ધાના ઈનામ વિતરણ કાર્યક્રમ દરમ્યાન હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. યુ.સી.ડી. વિભાગ પ્રેરીત સાગર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન ખત્રીએ આવેલ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન બાળ માર્ગદર્શન કેન્દ્રના ઓર્ગેનાઈઝર શ્રી પી.આર.પરમારે કર્યું હતું.

TOP

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ)ની કામગીરી

શહેર સુરતનાં ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં.૬૬ વાળી સહરાદરવાજા બહાર સ્મીમેર હોસ્પિટલ સામે આવેલ જમીનમાં તિરૂપતી પ્લાઝા તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં બિલ્ડીંગની પશ્ચિમ દિશા તરફ ઓપન પાર્કિંગ વાળા ભાગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ આશરે ૧૫૦૦ ચો.ફુટ લોખંડનું ફેબ્રીકેટર્સ સ્ટ્રકચર બનાવી તેની ઉપર પતરાં નાંખી, ચણતરની દિવાલ સહિત આગળના ભાગે ગ્રીલ નાંખી કવર્ડ કરવામાં આવેલ. જે આજ રોજ ડાયરેકટ ઓફ પ્લાનીંગશ્રીની સુચનાથી શહેર વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) તથા સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોનના દબાણ સ્ટાફ મારફત દુર કરવાની કાર્યવાહી હાથ ધરેલ.

ત્યાર બાદ મિલ્કતદારશ્રી ગોરધનભાઈ જતવાણી દ્વારા બાકી રહેલ બિનઅધિકૃત બાંધકામ પોતાના ખર્ચે અને જોખમે દુર કરવાની લેખિત બાંહેધરી આપતા ડિપોઝીટ પેટે રૂા.૧૫૦૦૦/– તથા ડીમોલીશન ખર્ચ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગર સેવાસદન યુ.સી.ડી. વિભાગ દ્વારા ૧૫મી ઓગષ્ટ નિમિત્તે ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ

સુરત મહાનગર સેવાસદન યુ.સી.ડી. પ્રેરીત શિવાંજલી, શિવાંગી, અને શિવાની મહિલા બસ્તી વિકાસ મંડળ, અડાજણ તથા 'કેપ ફાઉન્ડેશન'(ઉમ્મીદ પ્રોજેકટ)ના સંયુકત ઉપક્રમે યુ.સી.ડી.સમુદાય કેન્દ્ર, અડાજણ ખાતે ૧૫મી ઓગષ્ટ નિમિત્તે ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ જેમાં દેશભકિત ગીત, રોજગારોક્ષી અને અંધશ્રધ્ધા વિષય સંદર્ભે નાટિકા, મીમીક્રી, નૃત્ય વગેરે કૃતિઓ રજુ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત આસી.કીમશ્નર (ફા.) શ્રી શરદભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, આજના સ્વાતંત્રતા દિન નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સામાજિક સમસ્યાઓને આવરી લેતી કૃતિઓ રજુ કરવા બદલ તેમજ ગુજરાત સરકારની ગરીબી સમૃધ્ધિ યોજના અંતર્ગત 'ઉમ્મીદ' પ્રોજેકટમાં જોડાયેલ તાલીમર્થીઓને તાલિમનો સંપૂર્ણ લાભ લઈ કારકિર્દી બનાવવા શુભેચ્છા પાઠવું છું. યુ.સી.ડી. વિભાગના ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની ગરીબી સમૃધ્ધિ યોજના અંતર્ગત 'ઉમ્મીદ' પ્રોજેકટની રોજગારોક્ષી તાલીમમાં જોડાઈ રોજગારી મેળવે સાથે સાથે સમૂહ ભાવના કેળવી સામાજિક જવાબદારી અદા કરવાની પ્રેરણા મળે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

કાર્યક્રમ બાદ ઉમ્મીદ પ્રોજેકટનો જરૂરતમંદ લાભાર્થીઓને જાણકારી મળે અને વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લે એ માટે પ્રચાર–પ્રસારના હુતુથી (રોડ શો) રેલી યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર, અડાજણથી નીકળી ન.પ્રા.શાળા ૧૫૦, હોડી ચકલા, અડાજણ સુધી કાઢવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુ.સી.ડી. વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રી પી.એમ.નાયક તથા શ્રીમતી રક્ષાબેન પરમાર, કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરશ્રી આર.બી.પટેલ તેમજ કેપ ફાઉન્ડેશનના પ્રોજેકટ ઓફિસરશ્રી સાંઈ શંકર તથા સેન્ટર કોર્ડીનેટર શ્રીમતી સીમા ગામીત વગેરે આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

TOP

## તા.૧૪/૦૮/૦૭ મંગળવારના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ ખાતે મા.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ લાભાર્થી બહેનોને સહાયના "ચેક વિતરણ"નો કાર્યક્રમ

સ્વાતંત્ર્ય દિન ઉજવણીની પૂર્વ સંધ્યાએ સુરત મહાનગર સેવા સદન દ્વારા અમલી સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પૈકી સંકટ મોચન (રાષ્ટ્રીય કુટુંબ સહાય) યોજના અને જયંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત તા.૧૪/૦૮/૦૭ મંગળવારના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ ખાતે મા.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ લાભાર્થી બહેનોને સહાયના "ચેક વિતરણ" સમારંભમાં મા.મેયરશ્રી ડો.મનુભાઈ માવાણી, ડે.મેયરશ્રી શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ, સ્થાયિ સમિતિ ચેરમેનશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા, સમાજકલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી છાયાબેન ભૂવા, મ્યુ.સદસ્યશ્રીઓ, લિડ ડિસ્ટ્રીકટ મેનેજરશ્રી તેમજ યોજનાના લાભાર્થીઓને ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસે હૃદયપૂર્વક આવકાર્યા હતા.

મ્યુ. કમિશનરશ્રીએ ૬૦ માં સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ અભિનંદન પાઠવતા જણાવ્યું કે, કેન્દ્ર તેમજ રાજય સરકારશ્રીની આ યોજનાનો લાભ આપત્તિના સમયે જરૂરતમંદને જે સમયે સહાયની જરૂર હોય તે સમયે તાત્કાલિક મળે તે માટે સુરત મહાનગર સેવાસદન સતત કાર્યરત છે. આવી એકવારીય સહાય મેળવ્યા બાદ આર્થિક રીતે પગભેર થવા માટે એસ.જે.આર.વાય. અંતર્ગત લોન સહાય આપવામાં આવે છે.જેનાથી બહેનો આર્થિક રીતે સ્વનિર્ભર થઈ શકે છે. વધુમાં લાભાર્થીઓને ખાતરી આપતા જણાવ્યું કે સુરત મહાનગર સેવાસદન સતત આપની પડખે છે જ, અને જરૂરીયાતમંદ છેવાડાના માનવીઓને મહત્તમ લાભ મળે તે માટે આ યોજનાની સમીક્ષા મા. મેયરશ્રી દ્વારા સતત કરવામાં આવતી રહે છે. સંકટ મોચન યોજનાની શરૂઆતથી તા. ૩૧/૦૭/૦૭ સુધીમાં વિભાગને ૨૯૩૭ અરજીઓ મળેલ. જે પૈકી ૨૧૬૫ લાભાર્થીઓને રૂા.૧,૯૨,૩૧,૦૦૦/– ની સહાય તેમજ એસ.જે.એસ.આર.વાય. યોજના અંતર્ગત ૨૮ લાભાર્થીઓ અને ૧ ધ્વાકુઆ જુથ મળી કુલ–૨૯ ને રૂા.૩,૨૪,૧૦૦/– ની વિવિધ બેંક તરફથી લોનના ચેક અર્પણ કરવામાં આવેલ છે.



સંકટ મોચન યોજના અને એસ.જે.એસ.આર.વાય. યોજનાના સહાયપાત્ર કુલ : ૭૯ લાભાર્થીઓને ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો તેમજ વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ તેમજ સદસ્યશ્રીના વરદ હસ્તે સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

સમારંભના અધ્યક્ષ મા.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીએ પ્રાસંગિક ઉદ્દબોધન કરતા જણાવ્યું કે, આ યોજના દ્વારા સમાજના છેવાડાના પરિવારોને એકવારીય સહાય આપવામાં આવે છે જે પોતાના કુટુંબનો મોભી જવાથી આવી પડેલ આપત્તિમાં લાકડીના ટેકા સમાન મદદરૂપ થાય તે હેતુ છે. આપેલ નાણાં બેંકના ખાતામાં જમા રાખી પોતાના કુટુંબમાં આવતી આપત્તિના સમયે જરૂરત પૂરતા જ ઉપાડાય અને તેના થકી ઘરના વ્યવહારમાં મદદરૂપ થવાય, સાથે જ કંઈક આર્થિક ઉપાર્જન કરવા માટે અન્ય એસ.જે.એસ.આર.વાય. યોજના દ્વારા ધંધાકીય કામકાજ માટે લોન લઈ સ્વમાનભેર પોતાના કુટુંબનું પોષણ કરે તે માટે મદદરૂપ થવાનો અમારો આ પયત્ન છે. જે માટે અમો નિયમિત આવી યોજનાના લાભાર્થીઓને મળતા લાભ અંગેની સમીક્ષા બેઠકો પણ રાખીએ છીએ.

શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે આ યોજનાનો મુખ્ય હેતુ છેવાડાનો માનવી સ્વનિર્ભર બની સમાજમાં પોતાનું સ્થાન મજબુત બનાવી આત્મનિર્ભર બને તે રહેલો છે.

અંતમાં સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી છાયાબેન ભુવાએ ઉપસ્થિત રહેલ મહાનુભાવો, અધિકારીગણ, લાભાર્થીઓ તેમજ કર્મચારીઓનો આભાર વ્યકત કરી યોજનામાં થયેલ સારી કામગીરી ભવિષ્યમાં પણ ઉપયોગી થશે એવી ભાવના વ્યકત કરી સૌનો આભાર માન્યો હતો.

TOP

## સેન્ટ્રલ ઝોનમાં કેન્દ્ર સરકારની ''જવાહરલાલ નહેરૂ રિન્યુઅલ મિશન (JNNURM) યોજના '' હેઠળ એરીયા બેઈઝ આકારણી અંગે પ્રેઝન્ટેશન

સુરત મહાનગર સેવાસદન આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલ ઝોનમાં કેન્દ્ર સરકારની ''જવાહરલાલ નહેરૂ રિન્યુઅલ મિશન (JNNURM) યોજના '' હેઠળ એરીયા બેઈઝ આકારણી કરી સને ૨૦૦૮–૦૯ થી તે મુજબ વેરા વસુલાતની કામગીરી કરવામાં આવનાર છે. જે કામગીરી અંગે જનજાગૃતિ તથા સંપૂર્ણ સમજ માટે જાહેર જનતાજોગ પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું. જેમાં એરિયાબેઈઝ આકારણીનું આયોજન, પધ્ધતિ, બીલીંગ પ્રક્રિયા વિગેરે પ્રોપર્ટી ટેક્ષ સાથે સંલગ્ન તમામ કામગીરી અંગે માર્ગદર્શન એ.આર.ઓ.શ્રી એચ.જે.માસ્તર,એપેલેટ અધિકારીશ્રી આર.જે.કાયસ્થ તરફથી આપવામાં આવેલ તેમજ સેકશન ઓફિસરશ્રી આર.સી.ગજજર તેમજ હેડકલાર્ક શ્રીમતી રાગીણીબેન શાહ તેમજ નયનાબેન દેસાઈએ આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતુ તેમજ આભારવિધિ સર્વેયરશ્રી કે.કે.પરમારે કરી હતી.

TOP

## રાંદેર ઝોન દ્વારા તાડવાડી વિસ્તારમાં જોધલપીર મંદિરમાં મેડીકલ કેમ્પનું આયોજન

ગુજરાત સરકારના શહેર વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગર દ્વારા શહેરી વિસ્તારોમાં ચોમાસાની ઋતુ દરમ્યાન જાહેર આરોગ્ય સુખાકારી જળવાય રહે અને રોગચાળો ન ફેલાય તે ધ્યાને લઈ જુદા જુદા વિસ્તારોમાં મેડીકલ કેમ્પ કરવાની સૂચના આપવામાં આવેલ છે. તદનુસાર મ્યુ.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં રોગચાળાની પરિસ્થિતિ ન ઉદભવે તે માટે આજરોજ તા.૧૭/૦૮/૦૭ ના રોજ સુરત મહાનગર સેવાસદન રાંદેર ઝોન દ્વારા તાડવાડી વિસ્તારમાં જોધલપીર મંદિરમાં એક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાંદેર ઝોનના ઝોનલચીફશ્રી એમ.ડી.દારૂવાલા અને કાર્યપાલક ઈજનેરશ્રી ડી.સી.ગાંધી એ અંગત રસ લઈ કાર્યક્રમ માટે સાથે સાથે–સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો છે.

ઝોનના આસી. આરોગ્ય અધિકારી ડો.એ.પી.ભટ્ટ, મેડીકલ ઓફિસરશ્રી ડો.શાંતિલાલ પટેલ, ડો.પી.કે.લાપસીવાલા તથા આરોગ્ય ખાતાના રસીકરણ, ફેમીલી પ્લાનીંગ, વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ અને સેનીટેશન વિભાગના કર્મચારીઓએ લોકોને આરોગ્ય શિક્ષણ અને રોગચાળા બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું છે.

ટી.વી.શો દ્વારા લોકોને મચ્છર ફેલાતા મેલેરીયા,ડેન્ગ્યુ,ચીકનગુનિયા, જેવા રોગો બાબતે તેમજ લેપ્ટોસ્પાયરોસીસ વિશે સુંદર સમજ આપવામાં આવી છે.

જાતિયરોગો અને ટી.બી. વિભાગ દ્વારા લોકોને જરૂરી સલાહ સૂચન અને દોરવણી આપવામાં આવી છે.

TOP

## સેન્ટ્રલ ઝોન દ્વારા સોના–ચાંદીની ભઠ્ઠી/રીફાઈનરી સીલ

તા.૧૭/૦૮/૦૭ના રોજ સેન્ટ્રલ ઝોનના વાડી ફળીયા, આમલીરાન, અંબાજીરોડ તથા સોની ફળીયા વિસ્તારમાં આવેલ સોના–ચાંદીના ભઠ્ઠી/રીફાઈનરીમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં અધિકારી સાથેની સંયુકત વીઝીટ દરમ્યાન સદર સંસ્થાઓમાં તીવ્ર વાસ અને આરોગ્યને હાનીકર્તા જણાતા ૧૯ ભઠ્ઠી/રીફાઈનરીઓને સીલ કરવામાં આવેલ છે.

સદર કામગીરી ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) તેમજ આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી, આસી.આરોગ્ય અધિકારી તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા આરોગ્ય નિરીક્ષક દ્વારા કરવામાં આવી હતી.

TOP

# સેન્ટ્રલ ઝોનના, વૈરાગીની વાડી, દિલ્હીગેટ વિસ્તારમાં ફ્રી મેડીકલ કેમ્પ

"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૧૮/૦૮/૦૭ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન સેન્ટ્રલ ઝોનના, વૈરાગીની વાડી, દિલ્હીગેટ વિસ્તારમાં ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.




મેડીકલ કેમ્પના કાર્યક્રમનું ઉદઘાટન સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વડપણ હેઠળ દીપ પ્રગટાવી કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મ્યુ.સભ્યશ્રી જે.પી.શાહ, શ્રીમતી સ્મિતાબેન પટેલ તથા આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ અને કાર્યપાલક ઈજનેર હાજર રહ્યા હતા.

સદર કાર્યક્રમ કુલ ૧૮૯ દર્દીઓને સારવાર આપવામાં આવેલ જે પૈકી તાવના ૭૧, શરદી–ખાંસીના ૪૯, ચામડીના રોગોના ૧૬ કેસો જોવા મળ્યા હતા. તદુપરાંત ૫ દર્દીઓના ગળફાની તપાસ કરી ક્ષય (ટી.બી.) ની અટકાયત માટે ગળફાની તપાસનું મહત્વ તેમજ DOT સારવારની અસરકારકતા વિશે સમજ આપવામાં આવી હતી તથા ૨૩ વ્યકિતઓને રસીકરણની સારવાર આપવામાં આવી હતી. આ કાર્યક્રમ સંદર્ભે સદર વિસ્તારમાં મેલેરિયા, ડેન્ગ્યું, ચીકનગુનીયા જેવા મચ્છરથી થતાં રોગોની અટકાયત માટે ૩૨ સ્પોટ ચેક કરી મચ્છરની ઉત્પતિના સ્થાન શોધી તેનો નાશ કરવામાં આવેલ. ૭૧ સ્લાઈડ લેવામાં આવી અને ૧૮ ટાયર જપ્ત કરવામાં આવ્યા હતા. તેમજ ૨૬ ગટર જાળીયાની સફાઈ કરાવવામાં આવી હતી. તદઉપરાંત, ઓરલ પીલ્સના ૧૫ પેકેટ તથા ૫૦ નિરોધનું વિતરણ કરી કુટુંબ નિયોજન અંગેની તેમજ જાતીય રોગ (STD) ના અટકાયત માટેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

TOP

## રાંદેર ઝોનમાં થયેલ કામગીરી

સુરત મહાનગર સેવા સદન પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૧ ફાયનલ થયેલ છે. તથા રાંદેર–અડાજણનો ખુબ જ સુવિકસિત વિસ્તાર છે. આ છિસ્તારમાં રાંદેર મેઈન રોડ ૧૫૦ ના રસ્તા ઉપર પશ્ચિમ ઝોન કચેરીના નજીકમાં આવેલ સુજાતા સોસા.ના સી.ઓ.પી.વાળી જગ્યામાં કે જેનો ફાયનલ પ્લોટ નં. ૧૧૨ પૈકી છે. જેનો મિલ્કતદાર સુજાતા કો.આ.હા.સોસા.ના પ્રમુખશ્રી દિનેશભાઈ એમ.તમાકુવાળા તથા કબ્જેદાર શ્રી સેમસંગ કંપની લિ. તથા આકીટેકટ/એન્જીનીયરશ્રી પ્રદિપ એ.મહેતા છે. સદરહુ સી.એ.પી.વાળી મિલ્કતના બાંધકામના પ્લાન ટી.ડી.ઓ.નં.૨૬૪, તા.૨૮/૦૩/૨ તી સુરત મહાનગર સેવા સદનમાં દુકાન તથા ઈન્ડોર ગેમ ના હેતુસરના બાંધકામ પ્લાન મંજુર થયેલ છે. હાલમાં આ સી.ઓ.પી.વાળા મિલ્કતમાં રજાચિટ્ટીની શરતોનો ભંગ કરી તેમજ સુરત મહાનગર સેવા સદનની કચેરી માંથી વસવાટની પરવાનગી મેળવ્યા વગર હાલમાં ભોંયતળીયે સેમસંગ કંપનીનું સર્વિસ સ્ટેશનનું અનઅધિકુત વપરાશ ચાલુ કરવામાં આવેલ. જેથી આજરોજ તા.૧૮/૦૮/૦૭ના રોજ સદરહુ મિલ્કતને સીલ કરવા સબબ ઘી બી.પી.એમ.સી.એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૮ હેઠળની નોટીસ બજાવી ઉપરોકત મિલ્કતમાં ભોંયતળીયે આવેલ તમામ દુકાનોને સીલ મારવામાં આવેલ છે.

આ કામગીરી ઝોનલ ચીફશ્રીની સુચના અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોનના શહેરવિકાસ સ્ટાફ દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.

TOP

## કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે આયોજીત કાર્યક્રમ

કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે સુરત મહાનગર સેવા સદન તરફથી તા.૨૪/૦૮/૦૭ ને શુક્રવારના રોજ સવારે ૯ઃ૦૦ કલાકે ગાંધીબાગમાં આવેલ નર્મદની પ્રતિમાને સૂતરાંજલિનો કાર્યક્રમ તેમજ સવારે ૯ઃ૦૦ કલાકે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ઘોડદોડ રોડ ખાતે કવિ નર્મદના જીવન ઝરમરની માહિતી દર્શાવતા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન રાખવામાં આવેલ છે. આ બંને કાર્યક્રમમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

TOP